જ્ઞાનમાળા

તથા

શિક્ષામાળા.

શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદરૂપે
સંશોધન કરી છપાવી પ્રસિદ્ધ કરનાર.

શાહ મંગળદાસ જેશંગતારામ બુકસેલર.
રીચીરોડ—અમદાવાદ.

આવૃત્તિ ૫ મી   પ્રત ૪૦૦૦
સને ૧૯૨૮   સંવત ૧૯૮૪

અમદાવાદ પાનકોરને નાકે મનહર પ્રિંટિંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપ્યો.

કીંમત ૦—૮—૦

॥ જ્ઞાનમાળા અથવા શિક્ષામાળા.

એક દીવસે પરીક્ષતરાજા રાજયસભા કરીને બેઠા હતા ત્યાં શ્રી વ્યાસજીના પુત્ર શ્રી શુકદેવજી પધાર્યા તે જોઇને રાજા પરીક્ષત આસન ઉપરથી ઉભા થઇ રૂષીના ચરણારવીંદમાં પડી સાષ્ટાંગ દંડવત કરી બહુ આદરસત્કાર સહીત પોતાના સુંદર ભુવનમાં લઇ જઈ રત્નજડીત સીહાસન ઉપર બેસાડી ચરણારવીંદ ધોઈને ચરણોદક લીધું પછી વીધીપુરીવંક પુજા કરીને નાના પ્રકારનાં ભોજન કરાવ્યા તેથી શ્રી શુકદેવજીએ પ્રસન્નતા સહીત રાજા પરીક્ષતની ભકતીનાં બહુ વખાણ કર્યા ત્યારે રાજાએ બે હાથ જોડી વીનતી કરી કે હે કૃપાસિંધુ ભય ભંજન ભગવાન! આપની અતી કૃપા વડે સદા વેદ તથા પુરાણ સાંભળવાથી મારૂ રહદય પ્રફુલિતથી પ્રકાશ પામ્યું છે પરંતુ હવે મારા મનમાં સંદેહ ઉત્પન્ન થયો છે કે સંસારમાં ઉંચ તથા નીચ એ બે કરમ છે તે કૃપા કરીને આ બે કરમના ભેદ પૃથક પૃથક મને કહો અને મારા મનની શંકાઓનું નીવારણ કરો.

રાજાનો આ પ્રશ્ન સાંભળીને શ્રી શુકદેવજીએ પ્રસન્ન થઇને આજ્ઞા કરી કે હે રાજા ! તારા પ્રશ્નથી સંસારી મનુષ્યોને મોટો લાભ છે અને જે સંદેહ તારા મનમાં ઉપજયો છે તેજ સંદેહ એક વખત અરજુનના મનમાં પણ ઉત્પન્ન થયો હતો તેજ સંદેહનો ઉત્તર જેવી રીતે શ્રીકૃષ્ણજીએ

આપ્યો હતો. તેજ હું તારા આગળ કહું છું તે મન દઈને સાંભળ.

એક દીવસ પ્રાતઃકાળમાં શ્રી કૃષ્ણજી ફરતા ફરતા અરજુનના મુકામપર પધાર્યા ત્યાં ખબર મળી કે અરજુન સુતો છે. આ વાત સાંભળી શ્રીકૃષ્ણજી આશ્ચર્ય પામ્યા, આવે વખતે સ્વપ્નામાં અરજુને પણ શ્રીકૃષ્ણને જોયા કે તુરત જાગી ઉઠયા એવામાં સેવકોએ આવીને કહ્યું કે હે પૃથ્વીપતી ! આપણે ઘેર શ્રીકૃષ્ણજી પધાર્યા છે આ સાંભળીને અરજુન એકદમ દોડી શ્રીકૃષ્ણજીના ચરણારવીંદમાં પડયા અને દંડવત કરી સ્થીર થઈ વિનંતી કરી કે હે સચ્ચિદાનંદ જગદીશ ! આ અપરાધ મારાથી અજાણતા થયો છે તો આપ કૃપા કરી ક્ષમા કરશો. આ સાંભળી શ્રી કૃષ્ણજીએ અરજુનને કહ્યું કે હે અરજુન ! તું મહા બુદ્ધીમાન અને જ્ઞાની છે, તેથી તું આ વખતે સ્વપ્ન અવસ્થામાં મને જોઇને બહુ સોચ કરે છે. કેમકે મનુશ્ય દેહ ઘણી મુશ્કેલાઇથી પ્રાપ્ત થાય છે તેથી કરીને આ મનુસ્ય દેહ છે એવું જાણીને આવે વખતે બુદ્ધિમાન પુરૂષને સુવું ઉચીત નથી,

શ્રીકૃષ્ણનો આવો લાભકારક ઉપદેશ સાંભળી અરજુને હાથ જોડીને વિનંતી કરી કે હે દીન બંધુ ! દીનાનાથ આપ પરમ કૃપાળુ છો તેથી આપના દાસથી જે અજાણે અપરાધ થયો છે તે કૃપાદ્રષ્ટીથી નીહાળી ક્ષમા કરી બીજા જે ઉપદેશો કે જે મનુષ્ય દેહધારીઓને હીતકારી છે. તેનું જ્ઞાન થવા માટે સેવકને આજ્ઞા કરો કે કયા કયા અહીતકારી

કરમનો ત્યાગ કરવો જરૂરનો છે ! ત્યારે શ્રીકૃષ્ણજીએ ઉતર આપ્યો કે હે અરજુન ! તું મારો પરમ ભકત છે અને તેથીજ હું તને મારો મિત્ર જાણીને જે ગુપ્ત ઉપદેશો છે જેને દેવતાઓ પણ જાણી શકતા નથી તે હું આજ તને કહું છું તે ચિત્ત રાખીને સાંભળ આ અમુલ્ય ઉપદેશો તું અથવા બીજા મનુષ્ય દેહધારીઓ સાંભળીને અંગીકાર કરશે તો તે પાનેના બંધનથી મુકત થશે ને અંતકાળે સ્વર્ગ જઇ નીવાસ કરશે.

શિક્ષા ૧ લી—હે અર્જુન ! પ્રાતઃકાળે જે વખત સુર્ય ઉદય થાય છે. તે વખત મનુશ્યને સુવું ઉચીત નથી કેમકે રાત્રીના ચોથા પહોરમાં સુર્યને તથા દઈત્યને યુદ્ધ થાય છે તેમા એંસી હજાર દઈત્યને મારી સુર્ય ઉદય પામે છે અને દઇત્યના જીવ પાછા સજીવન થાય છે એટલા માટે મનુશ્યોએ વિચારવું જોઇએ કે બે ઘડી વહેલા ઉઠી પરમ દયાળુ પરમેશ્વરના ધ્યાનમાં મન લગાવી ભજનાનંદમાં મગ્ન રહેવું અને સુર્ય ઉદય થાય ત્યારે સ્નાન શ્રી સુર્ય નારાયણને જળ અર્પણ કરી દંડવત કરવાં અને પિતૃદેવતાને પણ જળ અર્પણ કરવું તેથી સુર્ય દેવતા તથા પીતૃદેવતા બળવાન થઈ પ્રસન્નતાથી આશીશ આપે છે માટે જે મનુશ્ય આ વીધીને અંગીકાર કરશે તે આ લોક તથા પરલોકના સુખોનો ભોગી થશે.

શિક્ષા ૨ જી—હે અરજુન ! પોતાના બીછાના ઉપર પોતાની સ્ત્રી શીવાય બીજા કોઈની સાથે સુવું નહી કેમકે

પોતાની સ્ત્રી તો અર્ધાંગી [પાપ પુણ્યની સાથી] છે આ સાંભળી તેમને હાથ જોડી પ્રશ્ન કર્યો કે હે કૃપાળુ કરૂણાનીધાના ! કોઇ અતીથી આપણે ઘેર આવે ને તેની પાસે બીછાનુ ન હોય ત્યારે શું કરવું ? શ્રી કૃષ્ણજીએ કહ્યું કે આવનાર મનુશ્ય પોતાનું વસ્ત્ર પોતાના અંગ સમાન બીછાવેલા બીછાના ઉપર પાથરીને સુઈ રહે તો દોષ નહી.

શિક્ષા ૩ જી—હે અરજુન ? વીધવા સ્ત્રીના હાથની રસોઇ જમવામાં ઘણો દોષ છે કેમકે જે સ્ત્રીનો ધણી મરી જાય છે તે સ્ત્રી અરધા બળેલા મર્દાની માફક થઇ જાય એટલા માટે તેના હાથની રસોઇ જમવામાં બહુ પાપ છે. અને અંતકાળે મુકિત મળતી નથી.

શિક્ષા ૪ થી—હે અરજુન ? સંધ્યા વખતે જે મનુશ્ય ઘરના આગણામાંથી ઝાડુ કાઢે તે નકકી દરીદ્રી થાય છે, કેમકે આ વખતે લક્ષ્મીજી ઘરમાં ગમન કરે છે તેથી જેના હાથમાં લક્ષ્મીજી ઝાડુ જુએ છે તે ઘરમાં ફરીથી કોઇ વખત ગમન કરતાં નથી.

શિક્ષા ૫ મી—હે અરજુન ! જે મનુશ્ય એકાદશી વગેરે વૃત ધારણ કરી સ્ત્રીનો સંગ કરે તો તે વૃતનું ફળ મળતું નથી. આ સાંભળી અરજુને હાથ જોડી પ્રશ્ન કર્યો કે હે સચ્ચીદાનંદ આનંદરૂપ ? વિશ્વબ્હેમ વીહારણ જગતાત ? વૃતના દીવસે જે સ્ત્રી રજસ્વલાના દોષથી મુકત સ્નાન કરે છે ત્યારે પુરૂપ તેનો સંગ ન કરે તો પાતકી થાય અને સંગ કરે તો વૃત નીષ્ફળ થાય ત્યારે

તેનું કેમ કરવું ? આ પ્રશ્નના જવાબમાં શ્રીકૃષ્ણજીએ કહ્યું કે અરધી રાત ગયા પછી સંગ કરે તો દોષ નથી કેમકે રાત્રીના બે પાછલા પહોર આગલા દીવસની ગણત્રીમા આવે છે. તેથી દોષ લાગતો નથી.

શિક્ષા ૬ ઠ્ઠી—હે અરજુન! આગલી રાત્રીએ દીવાની વાટ પહેલી રહી હોય તેને તે પછી બીજે દીવસે સળગાવે છે. તેમાં મહા પાપ છે આવા પાપથી તે માણસની સ્ત્રી ઘણાં કાળ સુધી વાંઝણી રહે છે. આ શીક્ષા સાંભળી અરજુને શ્રીકૃષ્ણ ભગવાનને વિનંતી કરી કે હે અનાથના નાથ દયાસીંધુ વાસુદેવ ? આપે જે શીક્ષા કહી તે સાંભળવાથી દાસના મનમાં અતી આનંદ થયો છે કૃપા કરીને બીજી કોઇ આજ્ઞા કરો.

શિક્ષા ૭ મી—હે અરજુન ! સુર્યનારાયણના સન્મુખ રહીને દાંતણુ તથા કોગળા વીગેરે કરવા નહી તેમ અગ્ની અને જળમાં પણ કોગળા કરવા નહી કેમકે તેમ કર્યાથી અંતકાળે નર્કમાં જવું પડે છે કેમકે દેવતાઓનાં આ ત્રણે દેવતાઓ મોટા મનાય છે તેથી જે મનુષ્ય આ ત્રણે દેવતાઓનું પ્રીતીથી પુજન કરે તેને યજ્ઞ કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે ઘનસ્યામ ચતુરભુજ સ્વરૂપ ! એ ત્રણે દેવતાઓનું પુજન કઇ વીધીથી હમેશા કરવું જોઇએ તે કૃપા કરીને કહો શ્રીકૃષ્ણજીએ કહ્યું આદીતવારે સુર્યનારાયણનું વ્રત ધારણ કરવું અને વ્રત ન રાખી શકાય તો તે દીવસે

ફળા આહાર કરવો પણ અનાજ ખાવું નહીં હવે અગ્ની દેવતાની પુજાની વીધી કહું છું, પ્રાતઃકાળે સ્નાન કરીને પોતાના ઈષ્ટદેવતાનું ધ્યાન ધરી ઘી, સાકર, તલ, જવ આદી સામગ્રીથી અગ્નિ દેવતાનું પુજન કરવું અને જો આ રીતે ન થઈ શકે તો રસોઈ તઈયાર થાય ત્યારે રસોઈની બધી સામગ્રીથી પુજન કરવું. હવે જળદેવતાની પુજાની વીધી કહું છું. પ્રાતઃકાળે સ્નાન કરી કુવા અથવા તળાવ ઉપર જઈ દુધ તથા ચંદન ચોખા, પુષ્પ ચડાવીને નૈવેદ્ય અર્પણ કરવું જે મનુસ્ય આ રીતે ત્રણ દેવતાઓનું પુજન પ્રતીદીન કરે તો આ લોકમા ધન, સંતાન અને પરલોકમા વઈકુંઠ વાસ પામે.

શિક્ષા ૮ મી—હે અરજુન ! જે મનુષ્ય બળતા દીવાને ઝપટ મારી બુઝાવે અને દીવાથી દીવો લગાડી સળગાવે તે મહાપાતકી થાય છે.

શિક્ષા ૯ મી--હે અરજુન ! મનુષ્ય વૃત ધારણ કરી ખાટલા ઉપર સુવે છે તેનું વ્રત નીષ્ફળ થાય છે કારણ કે જેનું વ્રત ધારણ કરે તે દેવતા વ્રતને દીવસે તે મનુષ્યના અંગમાં પ્રવેશ કરે છે તેથી વૃત વાળાએ પૃથ્વી ઉપર રહી સૌથી અલગ રહેવું આમ કર્યાથી દેવતા પ્રસન્ન થઇને આશીર્વાદ આપે છે અને વ્રત ફળદાયક થાયછે.

શિક્ષા ૧૦ મી--હે અરજુન ! વ્રત રાખ્યું હોય તે

દીવસે પોતાનું એઠું જુઠણુ કોઇને કાંઇ પણ આપવુ નહિ કેમકે તે ખાનાર મનુષ્ય વૃતનું અડધું લેઇ લે છે.

શિક્ષા ૧૧ મી—હે અરજુન ! જે મનુષ્ય રસોઇની બધી સામગ્રી બરાબર તૈયાર થવા પહેલાં અથવા અગ્ની દેવોને જમાડયા અગાઉ જલદી કરીને જમવા બેશી જાય અને જ્યાં સુધી રસોઇની સર્વ ચીજો તૈયાર થઇ ન હોય અને અગ્નીદેવને જમાડયા અગાઉ રસોડામાંથી બીજાને અગ્ની આપે અને રસોઇની સામગ્રીને પાત્ર વીના પૃથ્વીપર મુકે તો આ ત્રણે પાપથી સદા દરીદ્ર અવસ્થામાં રહે માટે મનુષ્યે અવશ્ય જાણવું જોઇએ કે જ્યારે રસોઇની સર્વ સામગ્રી તૈયાર થાય ત્યારે સ્વચ્છતાથી અગ્ની સન્મુખ પાટલા ઉપર બેસીને પુરણબ્રહ્મ પરમ દયાળુ પરમેશ્વરને તૈયાર થયેલી રસોઇની સામગ્રી ધરવી અને અન્નદેવને નમસ્કાર કરવા અને અભ્યાગતને રસોઇની સર્વ સામગ્રીથી ભોજન કરાવવું જો તે ગરીબ અવસ્થાને લીધે બની શકે નહી તો થોડી થોડી સર્વ ચીજો અભ્યાગતને નીમીત અર્પણ કરવી અને પછી જમવું એ પ્રમાણે જે મનુષ્ય કરશે તે મહા પુણ્યના પ્રતાપથી અગ્નિદેવ તથા અન્નદેવ તાનો આશીરર્વાદ પામીને સદા સુખી રહેશે.

શિક્ષા ૧૨ મી—હે અરજુન ! જે માણસ તાંબાના વાસણમાં પાણી ભરી કુદરતી હાજત (ઝાડે જંગલ) લઇ જઇ અજીઠ કરે તો તે મનુષ્ય અંતકાળે નરકનો

અધીકારી થાય કેમકે સર્વ ધાતુઓમાં તાંબુ અતી પવિત્ર છે એટલા માટે ત્રાંબાના વાસણુથી સ્નાન કરનાર મનુશ્યને ગંગાસ્નાન સરખુ પુણ્ય થાય છે અને પોતાના પિતૃદેવતાને ત્રાંબાના વાસણુમાં ભોજન અથવા જળ અર્પણ કરે તે તે પણ મોટું વાસણ ગણાય.

શિક્ષા ૧૩ મી—હે અરજુન જે માણસ બ્રહ્મહત્યા તથા પરસ્ત્રીનો સંગ કરે તો તેને હજાર વર્ષ પર્યંત નરકમાં વાસ કરવો પડે છે. કદાચ પરસ્ત્રીને, સંગ કરવાથી જો વીર્ય બીંદુ પડી તેમાંથી પુત્ર ઉત્પન્ન થાય છે તે પોતાના સાચ્ય કર્મો થકી જે સ્વર્ગની પ્રાપ્તી થાય છે. તે ન થતાં ઉલટું નરકમાં જવું પડે એટલુંજ નહી પણ પોતાના પિતૃ દેવતાઓ જે પોતાની સારી કરણીથી સ્વર્ગ પામ્યા હશે તે પણ નરકમાં પડે છે અને શ્રાદ્ધ તરપણથી સદા વિમુખ રહે છે તેથી આ પાપ બધાં પાપો કરતાં મોટુ ગણાય છે !

શિક્ષા ૧૪ મી—હે અરજુન ! મનુસ્ય સ્રીનો સંગ કરી સ્નાન નહી કરતાં અપવીત્ર રહે છે તે અંતકાળે નરકવાસમાં દારૂણ દુઃખ ભોગવે છે કેમકે એવા અપવિત્ર માણસનાં પગલાં પૃથ્વી પર મુકવા સરખાને પોતાના પિતૃના પંડ પર મુકવા સરખા ગણાય છે.

શીક્ષા ૧૫ મી—હે અરજુન ! અમાવાસ્યાને દીવસે જે મનુષ્ય ઝાડનાં પાંદડાં તથા ડાંખળાં તોડે છે તેને બ્રહ્મ

હત્યાનું પાપ વળગે છે એટલા માટે તે દીવસે દાતણ પણ કરવું ઉચીત નથી કેમકે તે પણ એક ઝાડનું ડાંખરૂ કહેવાય છે.

શીક્ષા ૧૬ મી—હે અરજુન ! કોઇ અભ્યાગત સાધુ અથવા મુસાફર માણસની યાચનનો માણસ અનાદર કરે તો તે મહા પાતકી થાય છે માટે મનુસ્યને ઉચીત છે કે પોતાની શકિત મુજબ કાંઇ પણ આપી તેને સંતોષવો અને જો આપવાની શકિત નહી હોય તો નમ્રતાથી કોઇ પુણ્યવાન ગૃહસ્થનું સ્થાનક દેખાડી આવવું. એ સર્વ દાનથી પણ શ્રેષ્ટ દાન ગણાય છે.

શીક્ષા ૧૭ મી—હે અરજુન ! જે મનુશ્ય પોતાના ઘરમાં તુટેલો ખાટલો તથા ફુટેલાં વાસણ રાખે તો તે અવસ્ય દરીંદ્ર થાય.

શીક્ષા ૧૮ મી—હે અરજુન! જે માણસ પરમાત્માનાં નામનું ભજન કીરતન કરી ભોજન કરે છે તેને હાલતાં ચાલતાં ઉઠતાં આ લોક તથા પરલોકમાં મનવાંછીત ફળને પામે છે. આ શિક્ષાથી જે માણસ વિરૂદ્ધ વર્તે છે તે મહાપાપનો અધીકારી થાય છે.

શીક્ષા ૧૯ મી—હે અરજુન ! જે મનુશ્ય એકજ પાત્રમાં બીજાની સાથે ભોજન કરે છે અથવા કરાવે છે તે ભ્રષ્ટ થાય છે કેમકે પુર્વ જન્મમાં તે માણસ કઇ જાતનો હશે તે માણસથી જાણી શકાતું નથી તેથી એકઠા

બેસીને ભોજન કરવાથી અથવા બીજાનું એઠું ખાવાથી પુર્વ જન્મની પ્રકૃતીનો અંતઃકરણમાં પ્રવેશ થાય છે અને તેથી નીચ કર્મ ભોગવવું પડે છે.

શીક્ષા ૨૦ મી—હે અરજુન! ભોજન કરતી વખતે અન્નદેવ મુખમાં વાસ કરે છે. માટે મનુંશ્યને ઉચીત છે કે મુંગે ભોજન કરવું કેમકે બોલવાથી કોઈ વખત સારૂં માઠું બોલાઇ જાય તો અન્નદેવતાના શ્રાપથી આ જન્મમાં દરિદ્રપણાને પામે છે. માટે મનુંશ્યે એક ચિત્તથી પલાંઠી વાળી અન્નદેવતાની મોટાઇ માનીને ભોજન કરવું જેથી અન્ન દેવતા પ્રસન્ન થઈ આશીશ આપે છે.

આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે જગદીશ જગત ગુરૂ! ભોજન કરતી વખતે કોઈને કાંઇ કહેવું પડે અથવા બોલવું પડે તેનું કેમ કરવું! ત્યારે શ્રી કૃષ્ણજીએ કહ્યું કે જો બોલવાની જરૂર પડે તો પાંચ ગ્રાસ ખાઇને આચમન કરી જે કામ હોય તે કરવુ પણ કોઇની નીંદા કે બુરૂં કામ કરવાને કહેવું નહી.

શીક્ષા ૨૧ મી—હે અરજુન! જે મનુશ્ય પોતાની અરધાંગી [સ્ત્રી] ને ખોટા આચરણોવાળી સમજી તેની નીંદા કરે અથવા દુઃખ આપે અને પોતે પણ અંતઃકરણમાં દુઃખી રહે તે મનુશ્ય પશુ સમાન જાણવો અને આવા કલેષથી સંસારમાં અપકીરતી પામી અંતકાળે નરકનો અધિકારી થાય છે. કેમકે પોતાનો સ્ત્રીના સંગથી જે પુત્રની ઉત્પતી થાય છે તે વખતે તે મનુષ્યના પીતૃ

દેવ નીચ કર્મથી નરકના અધિકારી થયા હોય તો તે પોતાના વંશમાં પુત્રની ઉત્પતીથી મુકત થઇ વઇકુંઠમાં વાસ કરે છે અને પ્રસન્નતાથી તે પુત્રને આશીરવાદ આપે છે આવા કારણથી પોતાની પરણેલી સ્ત્રીને હમેશાં પ્યાર તથા પૈસાથી પ્રસન રાખવી તે એવી રીતે કે સ્ત્રીના મનમાં એવું ભાસે કે મારા પતિ સમાન મારો હિતકારી કોઇ નથી કેમકે પરણેલી સ્ત્રી પાપ તથા પુણ્યની ભાગીદાર છે અને કદાચીત તે સ્ત્રીથી કોઇ અવીચાર્ય કામ થઇ જાય તો ડાહ્યા પુરૂષે ફરીથી એવું નહી કરવા માટે શીખામણ આપી પ્રસન રાખવી તેમજ સ્ત્રીએ પણ પોતાનું પતિવ્રત સાચવી પોતાના પતિને પરમેશ્વર સમાન જાણી તેની આજ્ઞાનું ઉલંઘન ન કરતાં સુખમા તથા દુઃખમાં પ્રસન્ન રહી પરમેશ્વરે આપ્યું હોય તેમાં સંતોષ માની સારા શણગાર સજી કોઇવાતે પોતાના પતીને કંટાળો ન આપતાં આનંદમાં રહેવું. આથી પુરૂષને પોતાના ધંધા રોજગારમાં સાવધાનપણેથી સારી પ્રાપ્તિ થાય છે માટે આ પ્રમાણે સ્ત્રી પુરૂષ અન્યોઅન્ય પ્યારથી વરતે તો આ લોકમાં અપાર સુખ ભોગવી અંતકાળે મોક્ષ પામી વઇ. કુંઠ ધામમાં પરમ આનંદથી વાસ કરે છે.

શીક્ષા ૨૨ મી—હે અરજુન ! દીપકના જોતની અથવા સુર્યની ખોટી છાયાં જો મનુષ્ય ઉપર પડે તો તે દુમીત છે

શીક્ષા ૨૩ મી—હે અરજુન ! મનુષ્ય મંત્ર તંત્ર અને મુઠની અથવા બીજા કોઇપણ ઉપાયથી કોઇને

મારવાનું કરે તો તે અંતકાળે બાર વરસ સુધી નરકનો ભોગી થાય.

શીક્ષા ૨૪ મી—હે અરજુન! રોટલા તથા રોટલી ઉપર ઘી ચોપડયા વિના ભોજન કરવું તે પ્રેત સંગે ભોજન કર્યા બરોબર છે. કારણ કે લુખા ભોજનમાં હમેશાં પ્રેતના વાસ રહેવાથી પ્રેત વીઘ્ન કરે છે. તેથી દરીદ્રી અવસ્થા થાય છે માટે મનુષ્યે હમેશાં શકતી પ્રમાણે ભોજનમાં ઘી વાપરવાથી પ્રેત બાધ કરી શકતું નથી;

શીક્ષા ૨૫ મી—હે અરજુન! જે મનુષ્ય દીવાની જોતમાંથી અગ્ની સળગાવી રસોઇ અથવા બીજું કાંઇ કામ કરે તો દીપકના શ્રાપથી કષ્ટ પામે છે કારણ કે તે અગ્ની ચિંતા સમાન છે.

શીક્ષા ૨૬ મી—હે અરજુન! જે મનુષ્ય પ્રાત:કાળે અથવા સંધ્યાકાળે ઘરના ઉમરા ઉપર બેસે તો તેની સંપતીનો નાશ થઇ કરજમાં વધારો થાય છે.

શીક્ષા ૨૭ મી—હે અરજુન! જે મનુષ્ય પ્રાત:કાળે ઝાડુ વાળી કચરો આગણામાં રાખી મુકે તે લક્ષ્મીજીના શ્રાપથી સદા દરીદ્રી રહે છે.

શીક્ષા ૨૮ મી—હે અરજુન! જે મનુષ્ય તળાવ, નદી અથવા બગીચાના કીનારા ઉપર કુદરતી હાજતે (ઝાડે) જાય તે બહુ કાળ નરકમાં નીવાસ કરે છે.

શીક્ષા ૨૯ મી—હે અરજુન? જે મનુષ્ય એકા-

હસી વૃત ધારણ નહિ કરતાં અનાજ ખાય તો તેનું જીવવું પશુ સમાન સમજવું અને પાંચ હત્યાનો અધીકારી થઇ અંતકાળે નરકમાં વાસ કરે છે તેટલા માટે મનુષ્યે એકાદશીનું વૃત ધારણ કરી આખો દીવસ ભગવાનનાં ધ્યાનમાં મગ્ન રહી રાત્રીએ જાગ્રણ કરે તે મોટા મોટા પાપનો નાશ થાય છે. એટલુંજ નહી પણ પોતાના પીતૃદેવતાને પણ સ્વર્ગની પ્રાપ્તી થાય છે આ શીક્ષા સાંભળીને અરજુને પ્રશ્ન કર્યો કે હે ભયભંજન દીનદયાળ કોઇ વખત ભુલે ચુકે વૃતી દીવસે અનાજ ખવાય તો એ પાપથી શી રીતે છુટાય ? શ્રીકૃષ્ણજીએ કેહ્યું હે અરજુન ? અનાજ ખાતી વખતે વૃત છે એમ જાણવામા આવે તો ફરીથી ગ્રાસ નાહી ભરતાં વૃત ધારણ કરે તો તેના વૃતનું ફળ પુરણ પ્રાપ્ત થાય છે અને તેના પીતૃદેવ પણ સુખી થાય છે કદાચ કોઇ મનુષ્ય નીરજન વૃત ન રાખી શકે તો ફક્ત ગાયના દુધથી અથવા ફળ અહાર કર્યાથી પણ વૃતનું ફળ પરીપુરણ પામે છે વળી આ વૃત ઉપર પણ ચોખા અથવા લુંણ [મીઠુ] ખાવું નહી આજારી માણસે પણ એકાદશીને દીવસે ચોખા અથવા લુણ [મીઠાનો ત્યાગ કરવો તેમજ રવીવારે પણ મીઠાવાળુ ભોજન ખાવું નહી આવી ઉત્તમ શિક્ષા શ્રી કૃષ્ણના મુખથી સાંભળી અરજુન મહા શોકસમુદ્રમાં આ ગુપ્ત વાતથી કંપીત થઇ ડુબી ગયો ત્યારે શ્રીકૃષ્ણ તેને સોચ અવસ્થામાં જોઇ અતી દયાથી તેના મનને કલેશ મટાડી આજ્ઞા કરી કે હે

અરજુન ? તારાથી આજ સુધી ઉંચ નીચ કરમ બન્યાં તેને માટે આ ગુપ્ત ભેદ તારા આગળ પ્રગટ કર્યો તેને તું તનમનથી અંગીકાર કર આ આજ્ઞા સાંભળીને અર જુને શ્રી ભગવાનના પગમાં મસ્તક નમાવી સ્તુતી કરી કે હે મધુસુદન ! વૃજભુષણ નંદના નંદ ! મનમોહન ? અધમ ઉધારણ શ્રી સંહરાજ ? આ સંસાર સાગરથી પાર ઉતરવા નૌકા રૂપ આ શીક્ષાઓનો મહીમા ગાતાં સેવાદિ દેવતાઓ પણ પાર પામી શકયા નથી હે નાથ ? મારાપર ક્ષમા કરો અર્થાત કાંઇ આજ્ઞા કરો ત્યારે શ્રી કૃષ્ણે અર-જુનને પરભકત જાણી નીચે પ્રમાણે બીજી આજ્ઞા કરી છે

શીક્ષા ૩૦ મી—હે અરજુન ! જે મનુશ્ય રજસ્વલા સ્રીથી મૈથુન કરે તો આ સંસારમાં તેના પાપથી તેનું શરીર હમેશા રોગી રહે અને અંતકાળે હજાર વર્ષ સુધી નરક ભોગવે કારણકે રજસ્વલા સ્રી પહેલે દીવસે બ્રહ્મ-ત્યારી બીજે દીવસે ચંડાલણી ત્રીજે દીવસે ધોબણના સમાન છે માટે ત્રણ દીવસમાં તેના લુગડાને અડકવાથી તથા તેનું મોઢું જોવાથી પાપ લાગે છે અથવા તેના હાથથી ભોજન કરે તો આખી ઉમરમાં કરેલા પુણ્ય દાનનો નાસ થાય છે એટલા માટે ત્રણ દીવસ રજસ્વલા સ્રીથી દુર રહી ચોથે દીવસે સ્નાન કરી શુદ્ધ થયા પછી પુરૂષે સ્રી સમાગમ કરવો અને તે દિવસે જો સમાગમ ન કરે તો પુરૂષને હત્યા લાગે છે એવું સાંભળીને અર જુને પ્રશ્ન કર્યો કે સ્રીનો પતી પરદેશ ગયો હોય તો તે

પાપથી શી રીતે મુકત થાય ! ભગવાન બોલ્યા કે કદાપી પુરૂષ ઘેર ન હોય તો રાત્રીએ સ્નાન કરી સુર્ય સન્મુખ રહી પોતાનાં સ્વામીની સુરજને મનરૂપ આરસીમાં જોઈ લે તો તેતો પતી પાપથી મુકત થાય છે.

શિક્ષા ૩૧ મી--હે અરજુન ! જે મનુષ્ય પોતાના જીવને કાંઈ ઉત્તમ પ્રકારના પ્રદાર્થ ઉપર ઈચ્છા અટકાવી તે પદાર્થથી વિમુખ રાખે તો તે માણુસ આ જન્મમા સદા દરીદ્ર રહે છે, અને મરણુ પાછળ પણ તેના જીવને મુક્તી મળતી નથી. આવું શ્રી ભગવાનનું વચન સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે દીનદયાળ ! નીરધન મનુશ્ય પોતાના જીવની ઈચ્છા પરીપુર્ણ શી રીતે કરી શકે ? ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે નીરધન માણુસ પોતાના જીવની પ્રસન્નતા માટે રવીવારે અથવા જન્મનક્ષત્રના દીવસે અથવા અમાવાસ્યાને દીવસે પોતાની મરજી મુજબ મન માન્યાં પદારથનું ભોજન કરે તો ઇશ્વર તેની મન કામના સહાય પુરણુ કરે.

શીક્ષા ૩૨ મી—હે અરજુન ! જે મનુષ્યે કાંઈ વસ્તુ કોઈને ધરમાદા તરીકે આપી હોય અને પછી લે અથવા પોતાના મનમાં કોઇ વસ્તુ ધરમાદા આપવી કરીને જો તે પાછી ન આપે તો તે માટે પાપી થાય છે અથવા કોઇની ઉછીતી કોઇ કારણુથી વસ્તુ પચાવી જાય તે આ જન્મમાં અપકીરતી પામી બીજા જન્મમાં સહસ્ર ઘણું

આપતાં પણ પાપના બંધનથી છુટતો નથી, માટે મનુષ્યને ઉચીત છે કે મોઢથી બોલીને ફરી જવું નહિ,

(શિક્ષા ૩૩ મી—હે અરજુન ! જે માણસ પોતાની છોકરીનું લગ્ન પૈસા લઇને કરે છે તે મહા પાતકી થાય છે અને તે પાપના ફળથી નિરધન થઇ દરીદ્ર અવસ્થાને પામે છે એટલુંજ નહી પણ તેના પીતૃદેવ શ્રાદ્ધથી પણ વીમુખ રહી નરકમાં વાસ કરે છે.

શીક્ષા ૩૪ મી—હે અરજુન ? મનુષ્યને ઉચીત છે કે કોઇએ કાંઇ વસ્તુની માગણી કરી હોય અને તે આપણી પાસે હોય તો તે આપવી કેમકે તેથી અશ્વમેધ યજ્ઞ કર્યા સરખુ પુણ્ય થાય છે.

(શિક્ષા ૩૫ મી—હે અરજુન ! જે માણસ ઇશ્વરે આપેલા બક્ષીસ ઉપર સંતોષ ન રાખતાં બીજાની અપેક્ષા કરે છે તે સદાકાળ દુઃખી અવસ્થામાં રહે છે એટલા માટે મનુષ્યે સંતોષ રાખવો. કેમકે સંતોષી સદા સુખી;

(શિક્ષા ૩૬ મી—હે અરજુન ! જે મનુષ્ય પોતાની મનકામના સીદ્ધ કરવા ચાર પાયાના આસન (ખુરસી. ખાટલો વીગેરે, ઉપર બેસીને પરીબ્રહ્મ જગદીશ્વરનું પુજન કરે તો તે અફળ જાય છે એટલા માટે ભોંય ઉપર એકાંતમાં પવીત્ર આસન જેવાં કે દરભાસન, પુર્વ બાણી મુખ રાખી એક ચીત્તે પરમાંત્માનું સ્મરણ પુજનમાં મન લગાવે તો તે ફળદાયક છે.

શિક્ષા ૩૭ મી—હે અરજુન ! જે મનુષ્ય તીર્થ કાંઠે જઇ પરસ્ત્રીને કુદષ્ટીથી નીહાળે તો તે પાપથી મુકતી કોઇ જગ્યાએ થતી નથી અને અંતકાળે યમદુત તે પાપીને જઇ નરકમાં લઇ લોઢાની તપાવેલી સીખો આંખોમાં ખોસે અને અનેક પ્રકારનાં દુઃખ આપે છે એ સાંભળી અરજુને વિનંતી કરી કે હે જગતગુરૂ અંતર્યામી કૃપા કરી કાંઇ બીજી પણ લાભકારી શીક્ષાનો ઉપદેશ કરો કે જેથી મનરૂપી મહેલમાં જ્ઞાન રૂપી દીવાનો ઉજાસ થાય.

શિક્ષા ૩૮ મી—હે અરજુન ! જે મનુષ્ય ગંગાસ્નાન કરવા જતી વખતે પગમાં પગરખાં પેહેરી જાય તો તે સ્નાનનું ફળ પામતો નથી.

શિક્ષા ૩૯ મી—હે અરજુન ! જે મનુષ્ય ચાર ભાઈઓની વચમાં બેસીને ખાવાનું મંગાવે અને તે બીજાઓને ન આપતાં એકલો ખાય તો તે પાપથી મુકત થતો નથી પણ આ વાતનો ગરીબને દોષ નથી.

શિક્ષા ૪૦ મી—હે અરજુન ? જે મનુષ્ય રવીવારે અગીઆરસીએ તથા અમાવાસ્યાના દીવસે ખીચડી ખાય તો પાપના બંધનથી બીજા ઉત્તમ પદારથો વીમુખ રહે છે. અને પુત્ર (પુત્ર) જીવે નહી.

શિક્ષા ૪૧ મી—હે અરજુન ! બારશને દીવસે પુરાણ વાંચવાથી સાંભળવું અયોગ્ય છે, માટે તે દીવસે શ્રી વ્યાસમુની આખો દહાડો પરીબ્રહ્મ પરમાત્માના પુજનમાં

ધ્યાન રાખી બેસે છે તેથી જો કોઇ પુરાણ વાંચે તો તે ધ્યાનમાં ચલાયમાન થાય છે.

શીક્ષા ૪૨ મી—હે અરજુન ! રવીવારે અથવા વ્રત ધારણને દીવસે દરપણમાં મુખ જોવું અયોગ્ય છે.

શીક્ષા ૪૩ મી—હે અરજુન ! જે ખાટલા ઉપર ધણી ધણીયાણી સુતાં હોય તે ખાટલા ઉપર બીજાએ સુવું અથવા બેસવું નહી. આ દોષ સુનારાં ધણી ધણીયાણીથી મોટા હોય તેમનેજ લાગે છે. પણ બાળકોને બાદ નથી.

શીક્ષા ૪૪મી—હે અરજુન! જે માણસ તલની ચોરી કરે તે મહા પાતકી થાય છે એટલુંજ નહી પણ કોઈ તલ ખવરાવે તો તે ખાવામાં પણ દોષ છે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે મહારાજ કોઈ સગુ વહાલું તલ ખવરાવે તો તે શી રીતે ખાવા ? ત્યારે શ્રી કૃશ્નજીએ કહ્યું કે ભોજનના બદલામાં કોઇને તલ ખવરાવવા નહી પણ બ્રાહ્મણને આપવા જેથી પુણ્ય થાય.

શીક્ષા ૪૫ મી—હે અરજુન જે માણસ લાગવી (પીસાબ કરીને પાણી લઈ હાથ પગ ધોતા નથી ને અપવીત્ર રહે છે અને તેથી સહકર્મ ફળ કરી શેકતો નથી.

શીક્ષા ૪૬ મી—હે અરજુન ! જે મનુષ્ય એકાગ્ર ચીત રાખી કથા વાર્તામાં ધ્યાન રાખે તે વઇકુંઠમાં નાના પ્રકારનાં સુખ ભોગવે છે.

શીક્ષા ૪૭ મી—હે અરજુન ! મનુષ્ય અનામત વસ્તુ પોતાનાં કબજામાં લે તે અનેક પ્રકારનાં દુઃખ ભોગવી અંત કાળે નરકનો અધીકારી થાય ને તેની સ્ત્રીને વાંઝીયાપણું ભોગવવું પડે.

શીક્ષા ૪૮ મી—હે અરજુન ! જે મનુષ્ય પોતાની પરણેલી સ્ત્રીનો ત્યાગ કરે અથવા ગાયના ટોળામાં જઇ વીના કારણે મૈથુન કરતાં ગાયને ડરાવી નસાડે તો તે નરકનો અધીકારી થાય છે. તેમજ તેનો વંશ ઘેલો-ગાંડો થાય છે.

શીક્ષા ૪૯ મી—હે અરજુન ! જેનો લેણદાર તગાદો કરી બારણામાં બેઠો હોય તે વખતે કરજદાર માણસ જો ઘરમાં રહી અન્ન જલ લે તો તે અપરાધી થવાથી જન્મ આખો દરીદ્ર રહે છે.

શીક્ષા ૫૦ મી—હે અરજુન ? જે મનુષ્ય પોતાના કુટુંબની અથવા નાતની નિંદા કરે છે તો તે પુત્રનું સુખ પામતો નથી.

શીક્ષા ૫૧ મી—હે અરજુન ! જે મનુષ્ય પોતાની બડાઇ કરે અથવા બીજાને મોંઢેથી સાંભળીને મલકાઈ જાય તેને મુરખ જાણવો, એટલુંજ નહી પણ અંતકાળે નરકનો અધીકારી થાય છે માટે મનુષ્યને ઉચીત છે કે સ્વગુણ મુખથી ગાવો નહી.

શીક્ષા ૫૨ મી—હે અરજુન ! જે મનુષ્ય બગીચા અથવા તળાવની પાળને તથા વૃક્ષના મુળને વગર વીચારે

ઉન્મત થઇને તોડી પાડે અથવા શીખેલી વિદ્યા ઉપર ધ્યાન ન રાખતાં અનીતિથી ચાલે છે તો તે પાપથી મુકિત ના પામતાં અંતકાળે નરકમાં જાય છે.

શીક્ષા ૫૩ મી—હે અરજુન ? જે મનુષ્ય પોતાનાં પાળેલાં જનાવરને ભુખ્યાં રાખે અથવા નિર્દયપણે હદથી જાદે મહેનત કરાવે તેને મોટા પાપી જાણવો, આવા પાપથી ધન સંતાનનું સુખ ન પામતાં આગલા જન્મમાં વ્યંઢળ અથવા નપુસક થાય કદાચિત પુન્યના પ્રતાપથી તે નહીં તો તે પાપથી પ્રજા તો અવશ્ય નપુસક થાય એમાં કાંઇ પણ સંદેહ જાણવો નહી.

શીક્ષા ૫૪ મી—હે અરજુન ! માણસ રૂપિયાને બદલે જમીન કબજે રાખે છે તો તે પાપથી આંખે આંધળો થઇ સંતાનનું સુખ પામતો નથી.

શીક્ષા ૫૫ મી—હે અરજુન ? જે મનુષ્ય વડીલો પાસે જુઠું બોલે છે તે દોષિત થાય છે.

શીક્ષા ૫૬ મી—હે અરજુન ! ચારો ચરતી ગાયને હાંકી કહાડે છે તે પાપના બંધનથી પુત્રનું સુખ પામતો નથી.

શીક્ષા ૫૭ મી—હે અરજુન ! જે માણસ શુદ્ધ સ્થાનમાં જઇને અસામર્થ્યપણું દેખાડી પોતાના સ્વામીને એકલો મુકી નાસી જાય તે કોઢીઓ થાય છે એટલુંજ નહી પણ અંતકાળે રૌરૌ નરકમાં પડે છે.

શીક્ષા ૫૮ મી—હે અરજુન ! જે માણસ તિર્થ કાંઠે જઇ પોતાની સ્ત્રી સહિત [એક પોતીએ] સ્નાન કર્યું નથી તેનું જીવવું પશુ સમાન છે માટે મનુષ્યને ઉચીત છે કે એક વખત તિર્થ કાંઠે જઈ સ્ત્રી સહિત સ્નાન કરી અશ્વમેધ યજ્ઞ કર્યાનું પુણ્ય થાય છે. આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે હે અંતરજામી, દિનબંધુ. આપે આજ્ઞા કરી તે અતી ઉત્તમ છે પરંતુ તિર્થ કાંઠે જવા માટે પૈસા ન હોય તેવા માણસને અથવા શરીરે અસકત થએલા માણસે શું કરવું ઉચિત છે તે કૃપા કરી કહો ત્યારે **શ્રીકૃષ્ણ** ભગવાને આજ્ઞા કરી કે હે અરજુન ! તેવા મનુષ્યે અમાવાસ્યા, પુર્ણિમા, જન્મનક્ષત્ર, સિદ્ધી યોગ અથવા વ્યતિપાતાદી શુભ વારે પોતાની સ્ત્રી સહિત તળાવ, નદી કુંડ અથવા પોતાને ઘેર સ્નાન કરી શકિત પ્રમાણે પુણ્યદાન કરે એથી તિર્થસ્નાનથી પણ અધિક ફળને પામે છે અને થએલાં પાપોથી મુકિત પામી વૈકુંઠમાં વાસ કરે છે. હે અરજુન ! આ શિક્ષા વેદમાં ગુપ્ત રહી છે, અને દેવતા પણ જાણવાને અશક્ત છે પરંતુ હું તને મારો પરમભકત જાણી તારા હીત માટે કહું છું.

શીક્ષા ૫૯ મી—હે અરજુન ! જે મનુષ્ય બીજાની એબ ઉઘાડી કરે તે રોમ રોમ નરકમાં પડે છે.

શીક્ષા ૬૦ મી—હે અરજુન ! જે દીવસે ગાય વાછરડાને જન્મ આપે છે તે દીવસથી ૮૦ દીવસ સુધી ગાયને દોહી વાછરડાને ન પાતાં પોતાના ઉપયોગમાં દુધ

લે છે તો તે પાપથી સંતાનનું સુખ ન પામતાં ઘણાં વરસ નરકમાં વાસ કરે છે.

શિક્ષા ૬૧ મી—હે અરજુન! જે માણસ પોતાના કુટુંબનો દ્રો કરી જીવથી મારી નાખે છે અથવા ભુંડુ ઇચ્છે તે મોટો પાપી જાણવો.

શિક્ષા ૬૨ મી—હે અરજુન! જે મનુષ્ય બીજાનો હિસ્સો પોતાના કમજામાં કરે તો તેની સ્ત્રી દુરાચરણી થાય પોતે જન્મભર દરિદ્રાવસ્થા ભોગવે અને સંતાનથી વિમુખ રહે કદાચ પુત્ર આવે તો તે મરી જાય છે અને જો પુત્રી આવે અને તે જીવે તો તે વિધવા અવસ્થા થઇને પોતે ચાર જન્મ સુધી અંધ અવસ્થા ભોગવે તે પછી યમના દુત લોઢાના તપાવેલા થાંભલા વડે બાંધીને તેને મારે છે.

શિક્ષા ૬૩ મી—હે અરજુન! જે મનુષ્ય સુર્ય અથવા ચંદ્ર ગ્રહણના ઘેરાવા વખતે ખાય, પાણી પીયે અથવા પીશાબ કરે તો તે સૂર્ય ચંદ્રના શ્રાપથી ધન તથા સંતાનનું સુખ પામતો નથી.

શીક્ષા ૬૪ મી—હે અરજુન! દીશાએ જવા માટે લીધેલ પાણીમાંથી બાકી રહેલા પાણીએ હાથ પગ ધોવે તો દોષ લાગે છે અને તેના કુટુંબને પ્રેત બાદ કરે છે. કેમકે એ પ્રાણી પ્રેતના ભાગનું કહેવાય છે માટે તે લેવું નહી.

શીક્ષા ૬૫ મી—હે અરજુન! સંતાનહીન પુરૂષનું જીવવું વ્યર્થ છે કારણ કે તે શ્રાદ્ધ તર્પણથી વિમુખ રહે

છે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે સ્વામી પુત્ર હીણુ માણુસને કોના હાથથી શ્રાદ્ધ તર્પણુ પહોંચે તે કૃપા કરી આજ્ઞા કરો, ત્યારે શ્રીકૃષ્ણુ ભગવાને કહ્યું કે હે અરજુન ! આ વાત ગુપ્ત છે તો પણુ તને હું મારો પરમ ભક્ત જાણી કહું છું કે પુત્રહીણુ પુરૂષની સ્ત્રી સુશીલ ધર્મ પાળવાવાળી હોય અને તે પ્રીતિભાવથી શુદ્ધ શ્રાદ્ધ તર્પણુ કરે તો તેના પતિને પહોંચે છે અને આવી પતિવ્રતા સ્ત્રીના સારા કર્મથી સાતે પેઢીના પીતૃઓ વૈકુંઠમાં વાસ કરે છે અને તેનો પતિ પણુ પોતાના પાપ કર્માથી જો નરકમાં પડ્યો હોય તો તે પણુ વૈકુંઠને પામે છે.

શિક્ષા ૬૬ મી—હે અરજુન ! દ્વાદશી અમાવાસ્યા તથા રવીવારે જે મનુષ્ય શરીરે તેલ લગાવે છે તે દોષીત થાય છે.

શિક્ષા ૬૭ મી—હે અરજુન ! કોઇપણુ માણુસે પોતાના આંગણુામાં વડ અથવા પીપળાનું ઝાડ રાખવું નહી કારણુ કે પીતૃદેવ પ્રતિદીન એકવાર પોતાના પરિવારને ઘેર આવે છે તો તે વડ પીપળામાં રહેલા ભુત, પીશાચ, પ્રેતાદિકના ડરવાથી નાશી જઇ શ્રાપ આપે છે અથવા પીતૃ નિમિત્તે જે કાંઈ બ્રહ્મભોજન કરાવે તે પીતૃ દેવને નહી પુગતાં ઉપલા કારણુથી નિષ્ફળ જાય છે તેથી તે સદા નીરધન થઇ દરીદ્રી અવસ્થા ભોગવે છે માટે ઘર આગળ પીપળો અથવા વડનું વૃક્ષ રાખવું નહિ તેમજ તેની નીચે દીવો રાખવો પણુ અશુભ છે.

શિક્ષા ૬૮ મી—હે અરજુન ! મનુશ્ય દેહ અતી કઠીનતાથી પુર્વના પુન્યે પ્રાપ્ત થાય છે. તેથી આ અમુલ્ય દેહને ગળામાં ફાંસો નાંખવો અયોગ્ય છે કારણકે પોતે દરેક માણસના માથાની ચોટલી પોતાના હાથમાં રાખી છે તેથી તે પોતાની ખુશી મુજબ દેહમાંથી જીવને ખેંચીલે છે પણ માણસથી જાણી શકાતું નથી કે આપણું મોત ક્યારે થશે. બાલ અવસ્થામાં તથા યુવાવસ્થામાં ઇશ્વર આરાધન વૃદ્ધ અવસ્થામાં કરીશું એમ માનવું એ ભુલ ભરેલું છે. માટે મનુશ્યને ઉચીત છે કે કામ ક્રોધ, લોભ મોહ, મદ મત્સર વગેરે વગેરે દુર્ગુણ તજીને ઇશ્વરે જે આપેલુ છે તેમાં સંતોષ માની હર્ષ, શોક, હાની, લાભ સરખી જાણી સર્વ જીવને પુર્ણબ્રહ્મ પરમેશ્વર સમાન જાણી સદા સચ્ચિદાનંદ નારાયણના ચરણાવિંદમાં મન લગાવી પ્રસન્નતાથી સ્મરણ કરવું કેમકે અંતકાળે માતા પિતા, ભાઇ, તથા સગાંવહાલાં કોઇ પણ સહાય કરતા નથી માત્ર પોતાના સુકર્મથી સહાયતા મળે છે.

શિક્ષા ૬૯ મી—હે અરજુન ! જે મનુશ્ય પ્રતીદીન પીંપળાને પાણી ન રેડે અથવા પખવાડીએ મહાદેવનું વૃત પુજન કરે નહિ તો તે સદા નિરધનતાથી દુઃખી રહે અને તેનું જીવવું શિયાળના જેવું છે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે વાસુદેવ ! જગતગુરૂ ! જો કોઇ મનુશ્યથી નિત્યનિયમ ન રહે તો તેણે શું કરવું ત્યારે શ્રી

કૃષ્ણ ભગવાને કહ્યું કે શનિવારે દિવસે પીપળાના મુળમાં બ્રહ્મા, છાલમાં વિષ્ણુ. ડાળીઓમાં મહાદેવ, પાંદડે પાંદડે તેત્રીસ કરોડ દેવતાનો વાસો રહે છે તેથી તે દિવસે પીપળાનું પુજન કરવું તે પુજનની વિધિ કહું છું તે સાંભળ. સઘળાં તીર્થો (ગંગાજળ, સમુદ્રજળ, દહીં, દુધ. સાકર, મધ) સહીત પુજન કરી પ્રદક્ષિણા કરી, શક્તિ પ્રમાણે પીપળાના વૃક્ષ નીચે બ્રહ્મભોજન કરાવી પોતે પણ કરે તો પુણ્યના પ્રતાપથી દેવતાઓના આશીર્વાદ પામી ધન સંતાનથી સુખ પામે અને અંતઃકાળે જમના દુતો તેનાથી ડરી નાશી જાય. આ રીતે પીપળાનું પુજન તીર્થ સ્નાન યજ્ઞના ફળની બરોબરી કરનારૂં છે હવે મહાદેવના પુજનની વિધિ આ પ્રમાણે કરવી, મહા મહિનાની કૃષ્ણ ચતુર્દશીએ મહાદેવનું વૃત ધારણ કરી રાત્રીનું જાગરણ કરી ચાર વેદના મંત્રોથી તિર્થો (દુધ, સાકર, ઘી ગંગાજળ, મધ આદિ) મહાદેવને સ્નાન કરાવી વીધીપુર્વક પુજન કરે તો એ થએલાં પાપનો નાશ થઇ શિવ લોકમાં વાસ પામી મનકામના પુર્ણ થાય છે, કદાચ આ વૃત પુરૂષ ન રાખી શકે તો તેની સ્ત્રી આવી રીતે વૃત રાખે અને મહાદેવની પ્રિતિ સાથે પુજા કરે તો આ વૃતનું ફળ બધા વૃત કરતાં પરીપુર્ણ મળે. અર્જુન આવાં શિક્ષારૂપ વચનો સાંભળી પ્રસન્નતાથી વિનયપુર્વક દંડવત કરી બોલ્યા કે હે દીનદયાળ ! આપના મુખથી આવી શિક્ષા સાંભળી મારી બુદ્ધિ વૃદ્ધિ પામે છે, તે

સાંભળી શ્રીભગવાને કહ્યું કે હે અરજુન ! આ પ્રમાણેની બોધરૂપી શિક્ષાઓ વિસ્તારીને તારી આગળ કહું છું તે તું ચિત્ત લગાડી સાંભળ.

શિક્ષા ૭૦ મી—હે અરજુન ! જે કોઇ મનુષ્ય સ્નાન કરી ઊમરા અને મહુડાના ઝાડ નીચે જાય તો સ્નાનના ચોથા ભાગનું ફળ તે ઝાડને જાય છે, એ સાંભળી અર્જુને તેનું કારણ પુછતાં શ્રીકૃષ્ણજીએ કહ્યું કે, જ્યારે નરસિંહ અવતારે પોતાના નખથી હિરણ્યાક્ષનું પેટ ફાડયું ત્યારે નરસિંહના નખમાં બળતરા થવા લાગી. તેવામાં નરસિંહને ઉપલા બે વૃક્ષો નજરે પડયાં, તેનાં પાંદડાં નખે લાગવાથી બળતરા મટી અને આરામ થયો ત્યારે નૃસીહજીએ પ્રસન્ન થઇને પેલા બે વૃક્ષોને વરદાન આપ્યું કે જે કોઇ માણસ સ્નાન કરીને તમારી નીચે આવશે તેના સ્નાનના ફળનો ચોથો હીસ્સો તમને પ્રાપ્ત થશે એ સાંભળીને અરજુને પુછયું કે હે શ્રીકૃષ્ણ પરમાત્મા ! કોઇ માણુસ ગફલતથી ઝાડ નીચે જાય તો તેમાથી શી રીતે બચે. ત્યારે શ્રીકૃષ્ણએ કહ્યું કે તે ઝાડ નીચે જનારૂં માણુસ ત્રણ વખત શ્રી નૃસિંહ અવતારનું નામ લે તો તેના સ્નાનનું ફળ વૃક્ષને નહિ જતાં પોતાને પ્રાપ્ત થાય,

શિક્ષા ૭૧ મી—હે અરજુન ! જે મનુષ્ય સ્નાન કરી પછી ખાટલા ઉપર બેસે અથવા બહાર જઇ લોકોને

અડકે તો તેને ફરી નહાવું જોઇએ પણ સ્નાન કરી જમીને બહાર જાય તો તેને દોષ લાંગતો નથી.

શિક્ષા ૭૨ મી--હે અરજુન ! જે મનુષ્ય આંબાનું ઝાડ કાપે તેને મહા દોષ છે અને જો આંબાનાં દશ ઝાડ કાપે તો એક બ્રહ્મહત્યાના દોષની બરોબર છે માટે કોઈ મનુષ્યે આંબાના ઝાડને કાપવું નહી અને જો કોઇ ઝાડ રોપીને બાગ કરવો અથવા જાતે કરે તો તેને યજ્ઞના ફળની બરોબર ફળની પ્રાપ્તી થાંય અને જો બાગ (વાડી) કરવાની શકિત ન હોય તો જલવાળા ઉત્તમ સ્થાન ઉપર પાંચ વક્ષ રોપે તો તે વૃક્ષની આશીશથી અંતકાળે મોક્ષ ગતીને પામે.

શિક્ષા ૭૩ મી--હે અરજુન ! જે મનુષ્ય પોતાને ઘેર તુંલસીનું ઝાડ વાવે અને હંમેશાં સ્નાન કરી તુલસીને જળ. ચંદન. અક્ષત, પુષ્પ, નૈવેદ્ય. ધુપ દીપ વીગેરેથી પ્રતીદીન પુજા કરે તો તેના ઘેર જમના દુતો નહીં આવતાં લક્ષ્મીજી પ્રસન્ન થઈ ઘરમાં વાસ કરી સુખમાં વૃદ્ધિ કરે છે તેમજ અશ્વમેઘ કર્યા જેટલું ફળ થાય છે અને જો હંમેશાં તુલશીની પુજા કરવી બને નહી તો અષાઢ આસો, કારતક માસના દરેક દીવસે પુજા કરે તો તેનું ફળ યજ્ઞના ફળની બરોબર મળે તેમજ કોઈ માણસ આંબલીના ઝાડ નીચે બ્રાહ્મણને જમાડે તો તેનું પુણ્ય યજ્ઞની બરોબર કરનારૂં છે પણ રવિવારે આંબલીના ઝાડની પુજા કરવી તેનો દોષ છે માટે તેમ ન કરવું.

શિક્ષા ૭૪ મી—હે અરજુન ! જે કોઇ પુરૂષ તીથી વાર નક્ષત્ર સમય વગર શ્રાદ્ધ કરે તો તેને પિતૃ દેવતાઓને પહોંચતું નથી.

શીક્ષા ૭૫ મી—હે અરજુન ! જે મનુષ્યના ઘરમાં વાંઝણી સ્ત્રી હોય તેનું જીવન પશુંસમાન છે તેના હાથથી બનાવેલી રસોઈ પણ જણાવી અયોગ્ય છે. આ કારણથી તેના મુખમાં દુર્ગંધી પેદા થાય છે. એવું સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે એવી સ્ત્રી ઘરમાં અથવા સગાં વહાલામાં હોય અને તે સ્ત્રી શીવાય બીજું કોઇ રસોઇ કરનાર ન હોય તો કેમ કરવું તે કૃપા કરી આજ્ઞા કરો ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે ભોજન કરવાને સમયે અનંત ભક્તિ પરબ્રહ્મ કમળનયન ધર્મ રક્ષકનું નામ લઇને પ્રાર્થના કરી કહેવું કે હે જગદીશ્વર અધમ ઉધારણ ભયભંજન, અઘમોચન, તુંજ છે એવી રીતે શ્વાસે શ્વાસે નામ લઇ પૃથ્વી ઉપર જળની ધાર દઇ જયોતી સ્વરૂપનું ધ્યાન ધરી ભોજન કરે તો તે બાદ ન લાગતાં ધન સંતાનની પ્રાપ્તી થાય છે.

શિક્ષા ૭૬ મી—હે અરજુન ! જળ પીવા માટે કોઇની પાસે માગણી કરી હોય અને જળથી ભરીને લોટો લાવે તો તે હાથોહાથ ન લેતા જમીન ઉપર મુકાવી પછી પોતાને હાથે લઇને પીયે તો તેમાં દોષ નથી પણ હાથોહાથ લઇને પીયે તેમાં દોષ છે.

શિક્ષા ૭૭ મી—હે અરજુન! જે મનુષ્ય ભોજન કરેલાં એઠાં વાસણો તરત સાફ ન કરતાં એમને એમ રાખી મુકે તો તે અન્નદેવતાના શ્રાપથી સદા દરિદ્રી રહી બહુ દુઃખ પામે છે.

શિક્ષા ૭૮ મી—હે અરજુન! જે મનુષ્ય પોતાનું આંગણું લીંપી ગુપીને સાફ ન રાખે તો તે મહાદેવજીના તથા પોતાના પીત્રૃ દેવતાના શ્રાપથી છઠે મહીને નીરાધાર થઈ અતી દુઃખ પામે, અને આ વાત પણ ધ્યાનમાં રાખવી કે પીતાના પાપથી પુત્ર દરિદ્રી થાય છે અને સ્ત્રીના પાપથી પુરૂષને મુકિત મળતી નથી. કદી પોતાના પુણ્યના બળે કરી સ્વર્ગની પ્રાપ્તી થઇ હોય તો તે નષ્ટ થઈ જાય છે.

શિક્ષા ૭૯ મી—હે અરજુન! જે મનુશ્ય નદી તલાવ વીગેરે છોડીને ઘરમાં ગરમ પાણીયે ન્હાય છે તેનું ન્હાવું અશુદ્ધ છે આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે કોઈ ગામમાં નદી વીગેરે ન્હાવાનાં સ્થળો ન હોય તો તેનું કેમ કરવું? તે કૃપા કરી આજ્ઞા કરો. ત્યારે શ્રીકૃશ્ણજીએ કહ્યું કે જો ગરમ પાણીમાં હાથ બોળ્યા સિવાય સ્નાન કરે તો ગંગા સ્નાન જેવું શુદ્ધ છે. હે અરજુન આવી આવી વાતોમાં બહુ ધ્યાન રાખવાની જરૂર છે પણ તે કોઇનાથી રાખી શકાતી નથી એજ મોટું આશ્ચર્ય છે. પરંતુ પરમાત્માની ભકિત કરીને મુક્તિ પામેલા એવા બુદ્ધિમાન પુરૂષો તો અવશ્ય ધ્યાન લગાવે છે. આ સાંભળીને અર-

જુને બહુ શોચ કરી શ્રીકૃષ્ણ ભગવાનના ચરણારવિંદમાં શીશ નમાવી વિનંતી કરી કે હે સચ્ચિદાનંદ વાસુદેવ ? આપે આજ્ઞાઓ કરી તેમાંથી કેટલીક બને છે અને કેટલીક નથી બનતી તો તેના દોષથી મુકત કેમ થવાય. તે કૃપા કરી આજ્ઞા કરો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને અરજુનને બહુ શોચ કરતો જાણી દયાળુપણે આજ્ઞા કરી કે—

દુહો.

વીતેલ વાતનો શોચ ન કરતાં ધીરજ મનમાં ધાર,
ધ્યાન ધરો એટલાજ પર, મટે પાપ નિરધાર.

શિક્ષા ૮૦ મી—હે અરજુન ! જે મનુસ્ય સ્નાન કરી લલાટમાં તીલક કરતો નથી તેનું સ્નાન અફળ જાય છે તેમજ તીલક કરવાથી યમના દુતો તીલક જોઇને ડરી જાય છે,: અર્થાત ઝાઝુ દુઃખ ન આપતાં લાજ આબરૂથી ધર્મ રાજાની કચેરીમાં ખડા કરે છે.

શિક્ષા ૮૧ મી—હે અરજુન ! મનુષ્ય કાયા કોઇ મોટા પુન્યના પ્રતાપે પ્રાપ્ત કદાચીત થાય છે તો પણ જીવને ભોજનની પ્રાપ્તી માટે અતી દુખ સોસતે પણ પ્રતીદીન પ્રાપ્તી થતી નથી તો પૂરણમાસીને દીને તો અવશ્ય ભોજન કરવું ઉચીત છે અને તેથી મોટું પુણ્ય થાય છે.

શીક્ષા ૮૨ મી—હે અરજુન ! જે મનુષ્ય મસુર, ગાજર લસણ અને કાંદા [ડુંગળી] આમાંની કોઈ વસ્તુ ખાય છે, તો તેનો સ્વર્ગમાં વાસ થવો દુલભ છે

કારણ કે ઉપલી ચીજોનાં બી માણસના પેટમાં એકવીસ દીવસ સુધી રહે અને આ એકવીસ દીવસમાં માણસનું મૃત્યુ આવે તો તે નરકમાં જાય છે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે ત્રીલોકીનાથ ! જકત પાલન પ્રભુ કોઇ માણસે ઉપલી વસ્તુમાંથી એક આદી વસ્તુ ખાધી હોય અને તરત માંદો પડતાં અંતકાળ પાસે આવે તો તેના દોષથી મુકત થવું તે કૃપા કરીને કહો ત્યારે શ્રી કૃષ્ણે કહ્યું કે જો તે માણસ ગંગાજળનું પાન કરે તો તે દોષથી મુકત થાય છે અને આ કારણથી નરકે જતો અટકે છે તે માટે કોઇ માણસ ઉપલી વસ્તુમાંથી કોઇ પણ જાણી જોઇને ખાવી નહી.

શીક્ષા ૮૩ મી—હે અરજુન ! જે મનુષ્ય દિવસે અને રાત્રીએ પોતાના ઘરમાં ઘીનો દીવો બળતો રાખે તો તેના ઉપર પિતૃદેવતા પ્રસન્ન થઇ દિનપ્રતિદિન આશીશ આપી ધન સંતાનમાં વૃદ્ધિ, તેમજ આગલા ભવમાં તે મનુષ્ય પરમેશ્વરની અતિ કૃપાએ કરી ઘણું સુખ પામી અંતકાળે મોક્ષપદને પામશે અને સુખ ભોગવશે.

શિક્ષા ૮૪ મી—હે અરજુન ! જે માણસ ભોજન કરતાં પડી રહેલી જુઠ (જમતાં પડી રહેલું ભોજન) તેનું બીજી વખત ભોજન કરે અગર તે બીજા કોઇને ભોજન કરાવે તો આ મહા દોષથી નિશ્ચય દરીદ્રિ અવસ્થાને પામે.

શીક્ષા ૮૫ મી—હે અરજુન ? મનુષ્ય રાત્રીએ અંધારામાં ભોજન કરે અથવા કરતી વખતે દીવો બુજાઇ જાય તો પણ જમવું ચાલુ રાખે તો આ દોષના કારણથી ધન સંતાનનું સુખ નહિં પામતાં દુઃખી રહે, અંધારે જમવું તે પ્રેતની સાથે જમ્યા બરોબર છે.

શીક્ષા ૮૬ મી—હે અરજુન જે મનુષ્ય પોતાને માથે મુકવાની બાંધેલી પાઘડી બીજાને માથે મુકવા આપે તો તેને બહુ દોષ છે કારણકે પાઘડી આપનારની બુદ્ધિ માં ઘટાડો થાય છે અને પાઘડી લેનારની બુદ્ધીમાં વધારો થાય છે.

શિક્ષા ૮૭ મી-હે અરજુન ! જે મનુષ્ય દક્ષિણ દીશા સામું મોઢું રાખી સુવે છે તેને તેમ સુવામાં ઘણો દોષ છે.

શીક્ષા ૮૮ મી-હે અરજુન ! ચાર વરસની છોકરી તે પારવતી સમાન અને છ વરસની તો કન્યા કહેવાય છે તેવ વખતે જો વીવાહ કરે તો મોટા યજ્ઞ સમાન ફળ પ્રાપ્ત થાય છે જેઓ બાર વરસની કન્યા વયે પહોંચ્યા છતાં લગ્ન કરતાં નથી તેને મોટો દોષ લાગે છે માટે કન્યાને બાર વરસની અંદર પરણાવવી.

શીક્ષા ૮૯ મી—હે અરજુન ! જે માણસ માથે પાઘડી અને કમરમાં ધોતીયું પહેરીને કચ્છો વાળે તો આ ભવમાં જેટલું પુણ્યદાન કર્યું હોય તેનું ફળ મળતું નથી અને તેનાં પાપે કરી અંતકાળ વખતે નરકમાં જાય

છે તેમજ તેના પીતૃ દેવતા જેઓ સ્વર્ગમાં હોય છે ત્યાં નહીં રહેતાં નરકમાં વાસ કરે છે કારણ કે તેના પગ પૃથ્વીપર મુકવા તે ગાયના શરીર ઉપર મુકવા બરોબર છે.

શિક્ષા ૯૦ મી—હે અરજુન ! જે મનુષ્ય રાત્રીનું વાસી રહેલું જળ જે બીજે દીવસે શ્રાદ્ધ કે તરપણના ઉપયોગમાં લે તો તે લોહીમાં તરપણ કર્યા બરોબર છે. વાશી જળે તરપણ કર્યાથી માણુસ ઘોર નરકમાં જઇ લોહીના કુંડમાં વાસ કરે છે માટે વાસી જળથી તર્પણ કરવું નહિ.

શીક્ષા ૯૧ મી—હે અરજુન ! મનુષ્યોએ પોતાના હાથ કાન તથા ગળામાં સોનું પહેરવું એ મહા પવીત્ર છે કારણ કે જે જળ સોનાથી અડીને આપણા શરીર ઉપર પડે છે તે જળને ગંગા નદીના જળ સમાન જાણવું.

શિક્ષા ૯૨ મી—હે અરજુન ! જે મનુષ્ય ગંગા આદી તીર્થોમાં નાહ્યા પહેલાં પોતાનું ધોતીયું ધુવે તો તેને દોષ લાગે છે.

શિક્ષા ૯૩ મી—હે અરજુન જે મનુષ્ય તીર્થ કરવા જાય તેણે પહેલાં સ્નાન કરીને તરપણ કરતી વખતે જો કાળક્ષેપનો વિચાર મનમાં આણે તો તરપણ કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે અને પીતૃદેવતાને તરપણ પહોંચે છે.

શીક્ષા ૯૪ મી—હે અરજુન ! તીર્થ કાંઠે જઈ જે માણુસ બીમારીથી મૃત્યુ પામે તો તેને અરધ બાળી [દહન કરી] ક્ષેત્રમાં તીરથ વાળી નદીમાં ફેંકી દે તો આ

દોષથી અંતકાળ વખતે નરકનો અધીકારી થાય અને એ તેવા શબને બરોબર દહન કરી [શુદ્ધ કરી] ને તેની રાખ ઉપર સાત દીવસ સુધી બરાબર બન્દોબસ્ત સાથે ગાય શીવાય કુતરાં બીલાડાં ગધેડાં આદી ચાર પગાળાં પશુ તે-મજ સ્ત્રીનો પડછાયો પડવા નહી દે અને આઠમે દીવસે સ્નાન કરી તે રાખને ક્ષેમ [નદીમાં] પધરાવી અને ક્ષેત્રની માટીથી શબને બાળેલી જગો લીપી સાફ કરે તો જગ-તનાં બધાં તીરથો કર્યાનું ફળ તથા મોટા મોટા યજ્ઞ કર્યાનું ફળ પ્રાપ્ત થાય અને મરનાર વૈકુંઠ વાસ પામે અને બાળ-નાર તથા તેની ક્રિયા કરનારને હંમેશાં આશિષ આપે છે.

શિક્ષા ૯૫ મી—હે અરજુન ! સુર્યના પ્રકાશ [તડકો] હોય અને તેવામાં વરસાદ વરસતો હોય તેમાં જે કોઇ માણસ નાહ્ય તો તેને ગંગાસ્નાન કર્યા બરોબરનું ફળ મળે છે.

શિક્ષા ૯૬ મી—હે અરજુન ! જે મનુષ્ય સુર્ય અસ્ત વખતે અન્નજળ લે અથવા દીશાએ જાય તો તેને મહા દોષ લાગે છે કારણ કે તે વખતે સુર્ય અને દૈત્યને યુદ્ધ થાય છે વાસ્તે સુર્યાસ્ત વખતે માણસોએ ઇશ્વરના ધ્યાન સિવાય બીજું કામ કરવું નહિ અને જે વખત સુર્યને જળ અર્પણ કરે તે સુર્યનારાયણનાં આશીરવચનથી હમેશાં સુખ પામે અને જે માણસ આ વખતે ખરાબ કામ કરે તે ઘણા વર્ષ સુધી દુઃખી થઇ દરિદ્રી રહે. વળી આપણે જાણવું જોઇએ કે સુર્ય આથમ્યા પહેલાં ચાર ઘડી

અને અસ્ત થયાં પછી રાત્રીની ચાર ઘડી સવારમાં સુર્ય ઉદય પહેલાં ચાર ઘડી અને ઉદય થયા પછીની ચાર ઘડી દીન ચડયા પછી જે માણુસ બીછાનામાં સુઈ રહે તો તેને સુર્યના શ્રાપે કરી મહા દોષ લાગે છે અને જે માણુસ આ બે વખતે પરમ દયાળુ પરમેશ્વરના ધ્યાનમાં સ્થિર મન લગાડી વેદ. પુરાણુ આદિનો પાઠ કરે તો સર્વ કરેલા પાપોથી મુકત થઇ અંતે વૈકુંઠમાં વાસ પામે અને આ ભવમાં લક્ષ્મી તથા સંતાનનું ઘણું સુખ ભોગવે.

શિક્ષા ૯૭ મી—હે અરજુન ! જે માણુસ પાત્રવિના એક હાથમાં રોટલી રાખી બીજે હાથે ખાય તો તે થોડા વખતમાં દરીદ્ર થાય છે,

શિક્ષા ૯૮ મી—હે અરજુન ! જે માણુસ બીજાનાં ધન, સંતાન, આબરૂમાં જોર જુલમથી વિઘ્ન કરે તે આ લોકમાં નિર્ધન અને અંતકાળે પછી નરકનો અધીકારી થાય અને આવતા જન્મમાં સંતોષ વિનાનો રહે.

શીક્ષા ૯૯ મી—હે અરજુન ! જે પુરૂષને પુત્ર નથી તે સંસારમાં પરમાત્માથી પણુ સન્તાન પામતા નથી અને અંતકાળે નરકનો અધિકારી બીજા જન્મમાં પુત્ર વિનાનો રહે છે.

શીક્ષા ૧૦૦ મી—હે અરજુન ! જે સ્ત્રી બાળકને જન્મ આપે છે તે દિવસથી ૪૫ દિવસ સુધી તે સ્રીના હાથનું જળ અન્ન ખાય તો આ દોષથી પિતૃઓ સ્વર્ગમાં હોય તે નરકમાં જઇ વાસ કરે. આ સાંભળી અરજુને

પ્રશ્ન કર્યો કે હે દીનદયાળ ! જે મનુષ્યના કુટુંબમાં તે સ્ત્રી સિવાય બીજું કોઈ પણ માણસ ન હોય અને નિર્ધન હોય તો તેણે શું કરવું ! ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે વધુમાં વધુ ૨૩ દીન અને ઓછામાં ઓછું ૧૩ મે દીવસે જો સ્ત્રી ગંગાજળનું સ્નાન કરી પોતાના ગજા પ્રમાણે પુણ્યદાન કરે તો તેના હાથનું ભોજન ખાવાને દોષ નથી. આ સાંભળી અરજુને શ્રીકૃષ્ણ ભગવાનને હાથ જોડી વિનંતી કરી કે હે ત્રિલોકના નાથ અધમઓધારણ ! આ આજ્ઞા સાંભળી જેમ દીવો અંધારામાં ઉજાશ આપે છે, તેમ મારા મનમાં જ્ઞાનરૂપી દીવાથી અજવાળું થયું છે, વાસ્તે કૃપા કરી બીજી પણ આજ્ઞા કરો ત્યારે શ્રી કૃષ્ણજીએ કહ્યું કે તું મારો પરમભકત છે તેથી હું તને દેવતાઓ પણ જાણતા નથી તેવી આજ્ઞા કહું છું.

શિક્ષા ૧૦૧ મી–હે અરજુન ! માણસ પોતાના મનને પ્રસન્ન રાખીને પુન્યદાન કરે છે તેને ઘણું ફળ મળે છે અને જે ક્રોધ લાવીને અથવા મન ઉદાસ રાખીને પુણ્યદાન કરે અને લેનારના મનને બહુ બળાપો કરાવે તેનું પુણ્યદાન નીષ્ફળ થાય અને મહા પાતકી થાય છે.

શીક્ષા ૧૦૨ મી–હે અરજુન ? જે માણસ પોતાના દીકરાને બીજાને ખોળે સોંપે તો તે દીકરાના હાથનું જળ ખોળે સોપનાર બાપને પહોંચતું નથી કદાચિત આપેલા છોકરાને પાછો લે તો છોકરો જુવાન થઇને મરી જાય છે અને તે ન મરે તો બીજો પુત્ર મરી જાય

છે. અને આગલા જન્મમાં ધન સંતાનનું સુખ નહિ પામતાં નરકમાં જઈ વાસ કરે છે. આ સાંભળીને અરજુને પ્રશ્ન કર્યો કે હે સચ્ચિદાનંદ પ્રભુ ! કોઈ માણસ આપેલા પુત્રને અજ્ઞાનથી પાછો લે તો પાપથી કેવી રીતે છુટે ? ત્યારે શ્રીકૃષ્ણે કહયું કે હે અરજુન ! તે માણસ પોતાની સ્ત્રી તથા પુત્ર સાથે ગંગા આદી તીર્થમાં સ્નાન કરી પીળી, લાલ, ધોળી, કાળી અને મધુરી એ પાંચ રંગવાળી પાંચ ગાય દુધ આપતી હોય તેવી તેની ખરીયો તથા શિંગડાને સોનું મઢાવી પાંચ બ્રાહ્મણોને પાંચ ગાયોનું દાન કરે અને પરિબ્રહ્મ પરમેશ્વરી પાસે આ કરેલા પાપની માફી માગે તો આવા પાપથી છુટી પાછા લીધેલા દીકરાના હાથનું તર્પણ પહોંચે છે.

શિક્ષા ૧૦૩ મી—હે અરજુન ! જે માણસ સંગ્રામમાં યુદ્ધ કરતી વખતે પોતાની પાસે રહેલા ધન અને બળના અહંકારના શબ્દો બોલી અને પોતાના વેરીને બુરાં વચનો–ગાળો દઇ સંતાપે તો પાપે કરી સંગ્રામમાં હાર પામી નિષ્ફળ થઇ નાશી જઈ નુકશાન ભોગવવું પડે છે.

શિક્ષા ૧૦૪ મી—હે અરજુન ! યુદ્ધ કરતાં શત્રુ શરણે આવે અથવા બળહિણ થઈ નાસી જાય તો તેને મારવો ઉચિત નથી તે છતાં જો તે તેને મારે અથવા ઘાયલ કરે તો તે પાપથી તેનો પુત્ર યુવાસ્થામાં મરી જાય અથવા આગલા જન્મમાં તેની સ્ત્રી વાંઝણી રહે.

શિક્ષા ૧૦૫ મી—હે અરજુન ! જે માણસ કાગળ

અથવા લાકડા પર મનુષ્ય આદી જનાવરો ચિત્રો બનાવે તો તે દોષને માટે આ જન્મમાં અથવા આગલા જન્મમાં ધન તના સંતાનનું સુખ નહી પામતાં આંખે આંધળો થાય કારણ કે તે ચિજ નિર્જીવ છે. પરંતુ ભગવાન આદિ દેવતાનાં ચિત્રોની પ્રતિષ્ઠા કરવાથી સંતાનનું સુખ મળે છે,

શિક્ષા ૧૦૬—હે અરજુન ! જે મનુષ્યના મોઢામાંથી બોલતાં બોલતાં થુંક બહાર આવી બીજા માણસના શરીર ઉપર પડે તો તેના દોષને લીધે આવતા જન્મમાં કુકકરને પેટે અવતાર લઇ અંતકાળે નરકમાં વાસ કરે છે.

શિક્ષા ૧૦૭ મી—હે અરજુન ! જે માણસ પોતાના ધણીનો હુકમ નહી માનતા ઉન્મત થઇ જયાં ત્યાં વગર કામે ઉભો રહે. અને સ્વામી શું કહે છે તે બરાબર ધ્યાનમાં નહી લે તો તેને હંમેશાં દુખની પ્રાપ્તિ થાય અને નરકમાં જઇને વાસ કરે. કારણ કે સ્વામીનો હુકમ ન માનવો એ સર્વથી મોટું પાપ છે. આ સાંભળીને અર્જુને પુછયું કે હે જીવનનાથ જગતબંધુ ? કોઇ વખત સ્વામી સેવકથી થઇ ન શકે એવું કામ ફરમાવે તો તેમાથી કેવી રીતે છુટો થાય ! ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે જે સેવકને કહેલ કઠણ ચાકરી બની શકે એવી હોય તો સેવકે જે દીવસથી સ્વામીની આજ્ઞા લોપી હોય તેટલા દીવસનો પગાર નહિ લેવો આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે જગદીશ્વર ! જો કોઇ દીવસે સેવક સ્વા-

મિની ચાકરી કરવામાં ભુલ કરે અને નિર્ધન અવસ્થાને લીધે પગાર પાછો આપવાની શક્તિ ન હોય તો કેવી રીતે આ પાપથી છુટે ? ત્યારે શ્રીકૃષ્ણજીએ કહ્યું કે જે પગાર તેને મળતો હોય તેનો ચોથો હીસ્સો પુણ્યદાનમાં વાપરે અને પરમ દયાળુ પરમેશ્વરની પાસે માફી માગે તો આવા પાપથી છુટી અંતે સુખી થઇ વૃદ્ધિ પામે.

શિક્ષા ૧૦૮ મી—હે અરજુન ! જે માણસ ધર્મશાળા, હવેલી વગેરે જગ્યાઓ બંધાતી હોય અને તે પુરી થઇ ન હોય તેની અંદર બેસીને ભોજન કરે તો તેને દોષ લાગે છે પરંતુ જ્યારે મુકામ બરોબર તૈયાર થાય ત્યારે પોતાની સ્ત્રી સહિત પ્રતિષ્ટા કરી પરિક્રમા કરે અને બ્રાહ્મણને મીઠાં ભોજન જમાડી ગૌઆદિ દાન કરી પોતાના કુટુંબ સાથે ત્યાં ભોજન કરે તો અશ્વમેધ યજ્ઞ કર્યાના ફળની બરોબર કરનારૂ ફળ પ્રાપ્ત થાય અંતે આવાં કર્મો કર્યાથી ધનસંપતિ વગેરેનું સુખ ભોગવે.

શિક્ષા ૧૦૯ મી—હે અરજુન ! જે મનુષ્ય તીર્થસ્થાનની તથા દર્શનયાત્રા કરવા જતાં રસ્તામાં કોઇની મીજબાન [ખુશીનું જમણ] જમવા રોકાય તો આ દોષથી આ જાતનું ફળ નિષ્ફળ થઇ જેણે આપણને મિજબાની આપી હોય તેને પ્રાપ્ત થાય છે. ત્યારે અરજુને પ્રશ્ન કર્યો કે હે ભગવંત ભક્ત વત્સલ ! રસ્તામાં ભાઇ અથવા અંગના સગા તથા મિત્રની મિજબાની હોય ત્યાં રોકાયા વિના

ના ચાલે તેવું હોય ત્યારે શું કરવું ? ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે જતી વેળા ન રોકાતાં, આવતી વખતે બીજબાની લેવા રોકાય તેનો દોષ નથી. વળી તીર્થ તથા દેવસ્થાનની જગોમાં ભાઇ અથવા મીત્ર બીજબાની આપ્યા વિના ન જવા દે તો સ્નાન યાત્રાથી પરવારી ચાલતી વેળા તીર્થ સ્નાનની સાતવાર પ્રદક્ષણા કરી ચાલતી વખત બીજબાની લે અને પોતે તે બીજબાનીમાં જમે તેથી વીસ ગણું બ્રાહ્મણને જમાડે તો તેનો દોષ નહી લાગતાં સ્નાનયાત્રા તથા તીર્થયાત્રા સફળ થાય.

શિક્ષા ૧૧૦ મી—હે અરજુન ! જે માણસ પક્ષીનાં નાનાં બચ્ચાં તથા ઇંડાંને અડે તથા બહાર નાંખી દે તો આ પાપના દોષથી સદા દરિદ્રી રહી પોતાના જુવાન પુત્રને ગુમાવે એટલુંજ નહી પણ અંત સમયે નરકનો અધિકારી થઇ આવતા જન્મમાં સંતાનનું સુખ નહી પામતાં દુખી રહે કારણ કે પક્ષી પોતાનાં બચ્ચાંને અડકતાં જુવે તો તે જોઇને ઉડી જાય છે અને પછી પોતાના બચ્ચાનું તે પક્ષી પાલન કરતું નથી તેથી તે ભુખ અને તરસથી મરી જાય છે અથવા તરફડીયાં મારી નીચે પડે તો બિલાડાં કુતરાં જનાવરો તેને મારી ખાઇ જાય છે. માટે આ દોષ તે માણસને માથે પડે છે.

શિક્ષા ૧૧૧ મી—હે અરજુન ! માણસોએ ગાયને દોતી વખતે તેના વાળ દુધમાં ન પડે એવી કાળજી રા-

ખવી કેમકે ગાયના વાળ તુંટવાથી આપણને દોષ લાગે છે. જે કોઇ માણુસ દુધને ગળ્યા વિના ઉનું કરી પીયે તો તે માણુસ દરિદ્રી થાય છે. એ પાપને સર્વથી મોહું ગણેલું છે માટે માણુસોએ દુધ ગાળી ઉનુ કરી પીવું.

શિક્ષા ૧૧૨ મી—હે અરજુન ! જે પુરૂષ અથવા સ્રી છોકરાંને રડતાં મુકી કુકર્મ કરવાને જાય અથવા છોકરાને મારે તો બાળકના નિસાસાથી તે માણુસ નરકમાં જાય છે અને આ સંસારમાં દુખી થઇ મૃત્યુ પામે અથવા તો તેના પીતૃ દેવ સ્વર્ગમાં વસતા હોય તે નરકમાં જાય.

શિક્ષા ૧૧૩ મી—હે અરજુન ! જે મનુષ્ય સવારમાં પોતાનું મોહું ધોયા વીના દુધ આદી કોઇ પણ ચીજ ખાય તો તે આ જન્મમાં સુખ ન પામતા દુખ ભોગવે.

શિક્ષા ૧૧૪ મી—હે અરજુન ! જે માણુસ વૃક્ષ ઉપરથી કાચા ફળ તોડે છે, તે મહા દોષવાળો કહેવાય છે. જો આપણને ફળની અગત્ય હોય તો વૃક્ષ ઉપર ફળ બરાબર પાક ઊપર આવેથી તોડી ઉપયોગમાં લેવું.

શિક્ષા ૧૧૫ મી—હે અરજુન ! જે માણુસ પોતાના ચાકરનો પગાર અને પોતાનું ધન ડુબાડે તો તે આ લોકમાં જન્મભર દુખી થઇ પુત્રવીનાનો રહે અને પરલોકમાં સનમાન પામ્યા વીના નરકમાં જઈ નિવાંસ કરે જે તેના પીતૃદેવતાઓ સ્વર્ગમાં વાસ કરતા હોય તે નરકમાં જઈ વાસ કરે.

શિક્ષા ૧૧૬ મી—હે અરજુન ! જે મનુષ્ય દાનમાં આપવાની ચીજને પાત્રમાં મુકી તેજ પાત્ર હાથમાં લઇ સંકલ્પ કરતી વખતે જો બ્રાહ્મણ સ્વસ્તી એવો ઉચાર મુખમાં બોલી દે તો તે પાત્ર તથા હાંથ પણ સંકલ્પમાં આવી ગયો માટે તે પણ આપી દેવું જોઇએ પરંતુ શરીરમાંથી હાથ છુટો કરીને અપાય નહી માટે હાથને બદલે સોનું રૂપુ તથા તાંબુ જે પોતાની શકિત પ્રમાણે તે ત્રણે ધાતુમાંથી ગમે તે ધાતુનો હાથ બનાવી બ્રહ્માણને આપે નહીં ત્યાસુધી તે હાથથી બ્રાહ્મણ ભોજન વગેરે સુકર્મ કામો કરવામાં આવે તેનું ફળ મળે નહી અરજુને પ્રશ્ન કર્યો કે હે જદુનાથ ! તે માણસને ત્રણે ધાતુમાંથી એક ધાતુનો હાથ બનાવી બ્રાહ્મણને આપવાની શકિત ન હોય તો તે કેવે પ્રકારે દોષથી મુકત થાય ? ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે બ્રાહ્મણને મન માનતી ચાદર ' કપડુ ' શ્રદ્ધાથી આપે તો તે દોષથી નિવારણ થાય પણ તે ચાદર અસલ વિદ્વાન બ્રાહ્મણને આપે તો આ દોષથી છુટો થાય નહીતો દોષ રહે.

શિક્ષા ૧૧૭ મી હે અરજુન ! જે મનુષ્યની પરણેલી સ્ત્રી બાળગોળ મુકીને મરણ પામે તે મનુષ્યે બીજીવાર લગ્ન કરવું વ્યાજબી નથી કેમકે તે સ્ત્રી બાળગોપાળના ઉપર સ્નેહ રાખી શકતી નથી તેથી તે દોષથી સ્ત્રી પુરૂષનેનીચે

શિક્ષા ૧૧૮ મી—હે અરજુન ! જે પુરૂષ અથવા સ્ત્રી જારકર્મ કરે નહી તેમજ તેને કોઈ સાથે હેત પ્રીત

ટકે નહી તો તે અંતકાળ વખતે નરકમાં જઇ અનેક તરેહનાં કષ્ટ ભોગવે માટે આવી ભુલ તું કરતો નહીં.

શિક્ષા ૧૧૯ મી—હે અરજુન ? જે મનુષ્ય ભાટ, ભાંડ અને બલાટ આ ત્રણ જાતમાંથી કોઇપણ માણુસ ઘોડો અથવા બીજું કાંઇ આપે તો ભાટને આપનારની પુંઠ અવગુણ ભરેલી નકલો અથવા તેની બુરાઇ ગણ્ય અને મોંઢે ગુણ ઉપલી જાતો લાજ, કાજ, શ્રદ્ધ, બુદ્ધિ, વિચાર એટલા વાનાથી રહિત કહેવાય છે તેથી કોઇ દાતાર પુરૂષ પૈસા આપે તો પછી આગલા જન્મમાં આપનાર માણુસ ભાટ વગેરેને ઘેર જન્મ લે અને તે અંતકાળે ઘોર નરકમાં જઇ વાસ કરે આ સાંભળી અરજુને બે હાથ જોડી પોતાને માથે વીતેલી વાતનો અફસોસ કરી વીનંતી કરી ત્યારે ઘનશ્યામ શ્રીકૃષ્ણજીએ કહ્યું કે તારે ગયેલી વાતનો શોચ ન કરવો અને હવે પછી આ મારી શીક્ષા ધ્યાનમાં લઇ વર્તજે અને જે કોઇ માણુસ શિક્ષા પ્રમાણે વર્તે છે તેનું સદા ભલું થશે.

શિક્ષા ૧૨૦ મી—હે અરજુન ! જે માણુસ દિશાએ અથવા પીશાબ કરી આવીને પુણ્ય અર્થે દાન કરે તેનું ફળ તેને પ્રાપ્ત નહી થતાં તેનો નિવાસ નરકમાં થાય.

શિક્ષા ૧૨૧ મી—હે અરજુન ! જે મનુંષ્ય ચોથે દીવસે આંગળાંના નખ નહી ઉતરાવતાં આળસથી રાખે

અને સાતમે દીવસે હજામત ન કરાવે તો જેટલું પુણ્યદાન કરે તેનું ફળ મળે નહી.

શિક્ષા ૧૨૨ મી—હે અરજુન ! જે માણુસનો ચૌદશને મંગળવારે અથવા અમાંસને રવીવારે જન્મ થયો હોય તે તીથી અથવા તે વારે જો પોતાના નખ ઉતરાવે તો તે મહાપાતકી થાય અને તે દેવતાઓના શ્રાપથી સદા દારિદ્ર રહે ઉપરની તીથી વારના દેવતાઓ જુદા જુદા છે માટે તેઓની તે દીવસે પુજા કરે તો આ સંસારમાં સુખની પ્રાપ્તિ મળે અને અંતકાળે વઇકુંઠમાં વાસ કરે.

શિક્ષા ૧૨૩ મી—હે અરજુન ! મનુષ્ય આજની કરેલી રોટલી બીજે દીવસે જમવાના ઉપયોગમાં લે તો તે માણુસ સદા રોગવાળો રહે અને પોતાના પુત્ર પરીવારથી દુખ પામી અંતે નરકમાં વાસ કરે કેમકે ટાઢુ ખાવાથી અન્નદેવ શ્રાપ આપે છે તેથી આ સંસારમાં સુખ નહીં ભોગવતા અનેક જાતની શરીર વ્યાધીઓ થઇ આવી બુદ્ધિમાં ઘટાડો તથા આળસ નિંદ્રાનો વધારો થાય છે માટે કોઇ માણુસોએ ટાઢુ અન્ન ન ખાતા તાજુ હમેશ ઉપયોગમા લેવાથી ફાયદો છે પણ મીઠાઇ અથવા પકવાન ખાય તો તેનો દોષ લાગતો નથી.

શિક્ષા ૧૨૪ મી—હે અરજુન ! જે મનુષ્ય પોતાની સેવામાં હસમુખો તથા નિર્લોભી રહે બીજુ ચાકરના મનને દુખી ન કરે, ત્રીજુ કોઇના ઉપર ક્રોધ ન કરે

તે આ લોકમાં તથા પરલોકમાં સુખ પામી અંતે વૈકુંઠ ધામમાં જઈ વાસ કરે.

શિક્ષા ૧૨૫ મી—હે અરજુન ! શરણે આવેલા શત્રુને શસ્ત્રવડે નહીં હણતાં ઉપકાર વડેજ હણવામાં જે મોટાઈ માને તેને ધન્ય ગણાય છે. કદાચીત અજ્ઞાન પુરૂષ શસ્ત્રવડે હણે તે હણનારો દુરગતી પામે છે હણા-નારની ગતી થતી નથી.

શિક્ષા ૧૨૬ મી—હે અરજુન ! જે મનુષ્ય એક જગ્યા મુકી બીજી જગ્યાએ રહેવા જાય છે અને તે ખાલી જગ્યાને ખરાબ હાલત એટલે સાફસુફ કર્યા વગર રાખી જાય તો તે જગ્યાના શ્રાપથી સંતાનનો નાશ થાય છે તેમાં કાંઇ સંદેહ સમજવો નહી માટે મનુષ્યે અવશ્ય જાણવું જોઇએ કે નવાને દેખીને જુનાને ભુલવું નહી.

શીક્ષા ૧૨૭ મી—હે અરજુન ! જે મનુષ્ય બીજાની આસતા ઉપર આધાર રાખી રહે તેને મોટો દરિદ્રી જાણવો કેમકે આપ સમાન બળ નહી અને મેઘ સમાન જળ નહી માટે મનુષ્યને ઉચીત કે અહોનિશ પરમાત્માના ધ્યાનમાં મગ્ન રહી પોતાના પુરૂષાતનથી જે કાંઇ બને તે કરવું કેમકે એવો એક પદાર્થ નથી કે તે મનુષ્યથી બની શકે નહી પરંતુ ક્રિયાહીણ અજ્ઞાન આળસુઓથી બને નહિ તેનો મનુષ્ય અવતાર પશુ સમાન સમજવો.

શીક્ષા ૧૨૮ મી—હે અરજુન ! મોટામાં મોટું તીર્થ

માબાપની સેવા છે પણ જો શકિત હોય તો બીજા જે ૬૮ તીર્થો છે તેમાંથી જે કાંઇ બને તે કરવું પણ જો શકિત ના હોય તો ઘેર રહી માબાપની સેવા શુધ્ધ અંતકરણથી કરે તો તે બધાં તીર્થો કરતાં શ્રેષ્ટ છે.

શિક્ષા ૧૨૯ મી—હે અરજુન ? મનુષ્ય પોતાને ઘેર આવેલ બ્રાહ્મણને બેસવાને આસન આપે નહી તો તે ઘરધણીની સંપતીનો નાશ થઇ દરીદ્ર બને છે કેમકે બ્રાહ્મણોની ગુદાએ દરીદ્રનો વાસો હોય છે અને તેથી આસન આપતાં ખાલી જમીનપર ઘરમાં બેસાડે તો તે દરીદ્ર ઘરમાં રહે છે પણ જો આસન આપ્યું હોય તો દરીદ્ર બ્રાહ્મણની ગુદાએજ રહે છે.

સમાપ્ત.